Process Safety Beacon

http://www.aiche.org/CCPS/Publications/Beacon/index.aspx

ઉત્પાદન પ્રક્રિયામાં સંકળાયેલા વ્યક્તિઓ માટે સંદેશો

Sponsored by CCPS Supporters

# મંદીના કપરા સમયમાં સુરક્ષાને ભુલશો નહી !

જુન - ૨૦૦૯





બધા જ દેશોમાં મંદીનો કપરો સમય ચાલી રહ્યો છે. વેચાણ અને નફો ઘટી રહ્યો છે અને ઘણી કંપનીઓ પૈસા ગુમાવી રહી છે. પ્લાન્ટ ઓછી ક્ષમતા પર ચલાવી રહ્યા છે અને કેટલાક બંધ થઈ ગયા છે. જેમ નફો ઘટે તેમ રોજના ખર્ચા ઘટાડવા અને માણસો ઓછા કરવા ઉપર દબાણ આવે છે. પ્લાન્ટને સમયાંતરે ચાલુ અને બંધ કરવામાં આવતો હોય છે. પ્લાન્ટ ઓછા ખર્ચે ચલાવવામાં આવે છે. જેનાથી સુરક્ષિત કાર્ય પ્રણાલી ઉપર અને માણસો ઉપર તાણ વધે છે. કામદાર પર દબાણ વધતાં તેઓ વિગતો પરત્વે ધ્યાન આપવાનું બંધ કરી દે છે અને ભૂલ થઈ જાય છે. આ દબાણ છતાં, વ્યવસ્થાપકો અને કામદારોએ તેમનુ ધ્યાન સુરક્ષા ઉપર કેન્દ્રિત કરવું જોઈએ. તાલીમ અને આયોજનપુર્ણ જાળવણી, સુરક્ષા જાળવવા માટે તથા લાંબા ગાળાની અર્થ વ્યવસ્થાની સફળતા માટે ઉપયોગી છે, તેમાં બાંધછોડ કરવાની નથી તેનો ખ્યાલ રાખો. કામદારોમાં ઘટાડો કરવાના નિર્ણયમાં કારખાનાની બદલાવ વ્યવસ્થાપન પદ્ધતિને ધ્યાનમાં રાખો, અને કામદારો ઘટાડવાથી મહત્વની સુરક્ષા પ્રક્રિયામાં કોઈ તોડ ન પડે તેનો ખ્યાલ રાખો.

મંદીના સમય દરમિયાન પણ પ્રક્રિયા સુરક્ષા માટે જરૂરી વ્યવસ્થા જાળવી રાખવી જરૂરી છે. કંપની એ બધા નિર્ણયો લેતી વખતે એ ખાત્રી કરવી જોઈએ કે કામદારો, કોન્ટ્રાક્ટરો અને આજુબાજુની વસ્તી સુરક્ષિત જ છે. લાંબા સમયગાળા દરમિયાન જે કંપની સુરક્ષા બાબતે રોકાણ કરવાનુ ચાલુ રાખે છે, તેઓને ભવિષ્યમાં ખુબ જ ફાયદાઓ મળે છે. -- જ્હોન બ્રેસલેન્ડ, પ્રમુખ, “ અમેરીકન રસાયણિક સુરક્ષા અને હેઝાર્ડ ઈન્વીસ્ટીગેશન બોર્ડ”

## તમે શું કરી શકો ?

- મંદીના વખતમાં પણ સુરક્ષાના સિદ્ધાંતો અને સિમાચિન્હોને જાળવી રાખવા ઉપર ભાર મુકો. હંમેશાં આપણુ ધ્યાન કોઈપણ પરિસ્થિતિમાં પ્રક્રિયા સુરક્ષા પાછળ જ કેન્દ્રિત કરવુ જોઈએ.
- તમારા પ્લાન્ટમાં કઈ પ્રક્રિયા સુરક્ષાની દ્રષ્ટિએ મહત્વની છે તે જાણો અને ખાત્રી કરો કે આ પ્રક્રિયાઓમાં મંદીના દબાણ હેઠળ તેમાં કોઈ સમજૂતી કરવામાં આવી નથી.
- માંગ ઓછી હોય ત્યારની તકને ઝડપીને મહત્વના સુરક્ષાને લગતા જાળવણી અને સુધારા વધારાના કામો કરવાની સલાહ છે. મંદીની પરિસ્થિતિ આ પ્રકારના કામો કરવાની તક આપે છે, બજારમાં ઓછી માંગને કારણે નહીતર પણ પ્લાન્ટ કદાચ બંધ કરવો પડે કે તેને ઓછી ક્ષમતાથી ચલાવવો પડે.
- જો તમે અગત્યના સુરક્ષા ઉપકરણો અથવા સુરક્ષા પ્રક્રિયા વિશે જાણતા હો જે ખર્ચ ઘટાડવાની અસરમાં આવતા હોય તો, ખાત્રી કરો કે તમારા મેનેજમેન્ટે આ નિર્ણય ફક્ત ખર્ચ ઘટાડવા બાબતમાં નથી લીધો પણ તેની સાથે સંભવિત સુરક્ષા અસર પણ ધ્યાનમાં રાખી છે.
- વહીવટી ફેરફારના સમાલોચનાને બધા બદલાવની અસર સમજવા માટે ઉપયોગ કરો, જેમાં માણસોનું બદલાવું, ઉત્પાદનમાં ઘટાડો, ઉત્પાદનના શીડયુલમાં બદલાવ અને પ્લાન્ટ બદલાવ માટેના ખર્ચ ઘટાડો સામેલ છે.

**ટૂંકાગાળાની મંદીની અસર લાંબા ગાળાની સુરક્ષા ઉપર ન પડે તે જુઓ.**

AIChE © 2009. All rights reserved. Reproduction for non-commercial, educational purposes is encouraged. However, reproduction for the purpose of resale by anyone other than CCPS is strictly prohibited. Contact us at ccps_beacon@aiche.org or 646-495-1371.

The Beacon is usually available in Afrikaans, Arabic, Chinese, Danish, Dutch, English, French, German, Greek, Gujarati, Hebrew, Hindi, Hungarian, Indonesian, Italian, Japanese, Korean, Malay, Marathi, Norwegian, Persian, Portuguese, Russian, Spanish, Swedish, Tamil, Thai, Turkish, and Vietnamese.